# ઋણ સ્વીકાર

લોકસાહિત્યના અધ્યયનમાં મારી પ્રથમથી જ રુચિ રહી છે તેથી શોધકાર્યની પસંદગી માટે પણ મેં લોકસાહિત્યને જ પ્રાધાન્ય આપ્યું. જ્યારે વિષયની પસંદગી કરવાની થઈ ત્યારે મને મારું બાળપણ જ્યાં વિતાવ્યું હતું એ ઉમરગામનો પ્રદેશ સાંભરી આવ્યો. ત્યાંની માછી જ્ઞાતિની બહેનોનો લગ્નગીત ગાવાનો જે ઉત્સાહ છે તે યાદ આવ્યું અને મેં એમના ઉપર સંશોધન કરવાનું વિચાર્યું અને આખરે મારા મહાશોધનિબંધના વિષય તરીકે **"ઉમરગામ તાલુકાનાં માછી(ખારવા) જ્ઞાતિની લગ્નપ્રથા અને તેમનાં લગ્નગીતો ક્ષેત્રકાર્ય આધારિત– એક અધ્યયન"** ઉપર પસંદગીની મહોર લાગી.

આજે જ્યારે આ શોધનિબંધના અનુસંધાને ઋણસ્વીકારનો અવસર મને મળ્યો છે. ત્યારે સૌપ્રથમ તો હું મારા આ મહાશોધનિબંધની જ્ઞાનયાત્રામાં દરેક તબક્કે હંમેશા પથદર્શક તો રહ્યા જ છે, સાથે–સાથે પ્રેરણા અને પ્રોત્સાહન દ્વારા આ સંશોધનકાર્ય પરિપૂર્ણ કરવામાં જેઓના જ્ઞાન, અનુભવ, સલાહ–સૂચનો તથા વાત્સલ્યનો અમૂલ્ય ફાળો રહ્યો છે તેવા મારા માર્ગદર્શકશ્રી ડૉ. દલપત ચાવડાસરનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું તેમજ તેમની ઋણી પણ છું.

આ ઉપરાંત ઋણસ્વીકારના આ અવસરે હું મારા જન્મદાતા મમ્મી–પપ્પાને યાદ કરીશ કે જેમણે મને શિક્ષણની કેડીએ ચાલવાની સ્વતંત્રતા આપી તેમજ અત્યાર સુધીના અભ્યાસ દરમિયાન ખૂબ જ પ્રેરણા અને પ્રોત્સાહન આપતા રહ્યા તેથી હું હૃદયપૂર્વક તેમનો આભાર માનું છું.

એમ.ફિલ. બાદ પણ પીએચ.ડી. કરવાની હૃદયમાં ખૂબ જ ઈચ્છા હતી પરંતુ લગ્ન થતાં હવે કદાચ આગળ અભ્યાસ કરવા ના પણ મળે એમ લાગ્યું પરંતુ સાસરાપક્ષ તરફથી દરેક વ્યક્તિનું ખૂબ જ પ્રોત્સાહન મળ્યું. જેમાં ખાસ કરીને મારા જીવનસાથી નરેશ તરફથી. તેઓ વ્યવસાયે એક શિક્ષક હોઈ મારા શોધનિબંધ માટે સતત મને સાથ–સહકાર આપ્યો

છે. મારા ક્ષેત્રકાર્ય માટે પણ સતત તેઓ મારી સાથે રહેતા. તેથી હું હૃદયપૂર્વક એમનો આભાર માનું છું. આ ઉપરાંત મારો નાનકડો, નટખટ, તોફાની પુત્ર રુદ્ર કે જેણે તેના બાળપણમાં માતા સાથેનો રમતનો સમય ઓછો કરી મને મારું કાર્ય પૂર્ણ કરવા દીધેલ એને પણ હું વ્હાલ અર્પું છું.

આ ઉપરાંત ઉંમરગામ તાલુકાની માછીજ્ઞાતિની મારી મિત્ર સમાન ભાભી નીતાબેન તેમજ રમેશભાઈનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું. તેઓ આ શોધનિબંધ માટે પ્રત્યક્ષ તેમજ પરોક્ષ ખૂબ જ મદદરૂપ બન્યા છે.

અંતે મારી ચુલબુલી –નટખટ સહેલીઓ ખુશ્બુ, સ્નેહા, જયના અને પૂનમનો પણ આભાર વ્યક્ત કરું છું. જેમણે મને દૂર હોવા છતાં પણ દરેક જરૂરી માહિતીઓ પૂરી પાડી મને સંશોધનકાર્યમાં મદદરૂપ બન્યા છે તેમની પણ હું ઋણી છું.

સંશોધનકાર્યને સ્વચ્છ અને ઝડપી ટાઈપિંગ કરી આપનાર તીર્થ કોમ્પ્યુટરના જિતેન્દ્રભાઈ ઘેટિયાની પણ હું આભારી છું.

રાજકોટ — **પ્રસ્તુતકર્તા**

તારીખ :  /  /૨૦૧૮ — **(પટેલ અનિતા એ.)**